અપીલ અરજી નં.૧૩૨ તા.૨૧ –૬–૧૧
ફોન નં. ૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી મહેશચંદ્ર જેકીશનદાસ મઠાવાલા
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(ઉધનાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષયઃ–આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેશચંદ્ર જેકીશનદાસ મઠાવાલા ની તા.૧૬–૫–૧૧ ની મુદ્દા નં.(૧) કોર્પોરેશન સાઉથઝોનમાં કયા આધારે નામ પર ચઢયું જેમકે કબજા રસીદ અથવા તો દસ્તાવેજી પૂરાવાથી તો તેમાં કોઈની પણ પૂરાવાની નકલો.મુદ્દા નં (૨) ઉધનાઝોનમાં મીલકત કેટલી જૂની તેની તો તેના એસેસમેન્ટ રસીદનો ઉતારો અન્ય વિ. માહિતી આપવા બાબત. ટેના. નં. ૨૭એફ /૦૫/૦૧૩૧/૦/૦૦૧ (૧) ધનસુખલાલ ઈશ્વરલાલ રોટલીવાળા અને (૨) સુધાબેન ધનસુખલાલ રોટલીવાળા ની ઉપર મુજબની માહિતીની નકલો આપવા.જેમાં સર્વે નં. ૨૭૫/૧ બ્લોક નં. ૨૯, પ્લોટ નં. ૧૪ ધર્મયુગ સોસા., પટેલ ફળીયુ .

સંદર્ભઃ–અરજદાર મજકુરની અપીલ તા.૨૧–૬–૧૧ ની SMC/FAP/ નં.૧૩૨ /૨૦૧૧–૧૨

શ્રી મહેશચંદ્ર જેકીશનદાસ મઠાવાલા ની તા.૧૬–૫–૧૧ ની મુદ્દા નં.(૧)કોર્પોરેશન સાઉથઝોનમાં કયા આધારે નામ પર ચઢયું જેમકે કબજા રસીદ અથવા તો દસ્તાવેજી પૂરાવાથી તો તેમાં કોઈની પણ પૂરાવાની નકલો.મુદ્દા નં (૨) ઉધનાઝોનમાં મીલકત કેટલી જૂની તેની તો તેના એસેસમેન્ટ રસીદનો ઉતારો અન્ય વિ. માહિતી આપવા બાબત.ટેના. નં. ૨૭એફ/ ૦૫/૦૧૩૧ /૦/૦૦૧ (૧) ધનસુખલાલ ઈશ્વરલાલ રોટલીવાળા અને (૨) સુધાબેન ધનસુખલાલ રોટલીવાળાની ઉપર મુજબની માહિતીની નકલો આપવા.જેમાં સર્વે નં. ૨૭૫/૧ બ્લોક નં. ૨૯, પ્લોટ નં. ૧૪ ધર્મયુગ સોસા.,પટેલ ફળીયુ. એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનના પત્ર નં.સા.ઝોન /અકણ(આરટીઆઈ)/૩૦૪ તા. ૭–૬–૧૧થી મળેલ માહિતી અસ્પષ્ટ હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૧–૬–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ , આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ/વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા ત્રાહિતને કરેલ પત્રવ્યવહારની વિગતો સહિત રજૂ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૪૦૩ તા. ૨૮–૬–૧૧ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(ઉધનાઝોન) તથા અરજદારને મૂળ અરજીથી માંગેલ માહિતીના જાહેર માહિતી અધિકારી ઉધના ઝોન ધ્વારા ત્રાહિત પક્ષના વાંધાને અનુલક્ષી કરેલ ઈન્કાર સામે તેઓની અપીલ અંગે ત્રાહિતના વાંધા સામે જાહેર હિતનું પ્રાધાન્ય સ્પષ્ટ કરવા તથા કોઈ આધાર હોય તો રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/આ.નં.૪૩૭ તા.૨–૭–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, ટેના નં.૨૭એફ–૦૫–૦૧૩૧–૦–૦૦૧ ના એસેસમેન્ટની નકલ, કલમ–૧૧ હેઠળ ત્રાહિત વ્યકિતને પાઠવેલ પત્ર નં.સા.ઝોન/અકણ/૨૨૯ તા.૨૦–૫–૧૧ ના પત્રની નકલ, ત્રાહિત વ્યકિત તરફથી તા.૨૪–૫–૧૧ ના રોજ આપેલ પ્રત્યુત્તર અંગે ઈ. નં.૨૦૮૪ તા.૨૫–૫–૧૧ ના પત્રની નકલ, અરજદારને આપેલી માહિતી તથા નાણા ભરવા અંગે પત્ર નં.સા.ઝોન/આરટીઆઈ/૩૦૪તા.૭–૬–૧૧ના પત્રની નકલ, અરજદારને આપેલી માહિતી અંગેનં.સા.ઝોન/આરટીઆઈ/૩૩૦ તા.૧૦–૬–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૫–૭–૧૧ નો રજૂઆત પત્ર તેમજ ટેના નં.૨૭એફ–૦૫–૦૧૩૧–૦–૦૦૧, ટેના નં.૨૭એફ–૦૫–૩૧૯૧–૦–૦૦૧ ,તા.૩૦–૫–૧૧ ના પાર્ટી સ્ટેટસની નકલ, ઉધનાઝોન તરફથી અરજદારને ગુ.નોંધણી અંગેનં.સા.ઝોન/આરટીઆઈ/૧૦૬ તથા ૧૦૭ તા.૨૪–૫–૧૧ ના પત્રની નકલ, ગુ. નોંધણી અંગેના નુમના–એ ની નકલ, દિવાની મુકદમા નં.૧૧૯/૧૧ તા.૧૯–૩–૧૧ ની નકલ અત્રે રજૂ કરેલ છે તથા પ્લોટ નં.૧૪ ના બાંધકામના ફોટાની નકલ રજૂ કરેલ છે.

અરજદારની તા.૧૬–૫–૧૧ થી અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી ઉધનાઝોન ખાતે કરવામાં આવેલ.જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી સદર મિલકત ધારણ કરનાર સુધાબેન ધનસુખલાલ રોટલીવાળાને ત્રાહિત પક્ષકાર તરીકે તેમની માહિતી આપવા પત્ર નં. સા.ઝોન./અકણ./આરટીઆઈ /૨૨૯ તા ૨૦/૫/૧૧થી પત્ર પાઠવવામાં આવેલ જેના અનુસંધાને ધનસુખલાલ રોટલીવાળાએ તેમના તા.૨૪/૫/૧૧ના પત્રથી મિલકત નામ ફેરમાં રજુ કરેલ પુરાવા ખાનગી પુરાવા હોવાનું અરજદારે જણાવેલ છે તેમજ અરજદારે કોર્ટના સમન્સથી આવા પુરાવા કોર્ટમાં રજુ કરે શકો છો પરંતુ ત્રાહિત વ્યકિતને આપવાથી તેનો દુર ઉપયોગ કરે તેમ છે તેથી માહિતી ન આપવા ની રજુઆત કરેલ છે. જે બાબતને ધ્યાનમાં લઈ જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને સા.ઝોન/અકણ/આરટીઆઈ/૩૦૪ તા. ૭/૬/૧૧થી ત્રાહિત પક્ષકારે શ્રી સુધાબેન વતી શ્રી ઈશ્વરલાલ છોટાલાલ રોટલીવાળાએ માહિતી /નકલો આપવા અંગે વાંધો ઉઠાવી તે ન આપવા જણાવેલ છે. જેથી રાઈટ ટુ ઈન્ફરમેશન એકટની કલમ–૧૧(૨) હેઠળ નકલો આપવા અંગે હું ઈન્કાર કરું છું .વધુમાં મિલકત કેટલી જુની છે તે અંગે અસલપત્રક પાના નંગ ૧ની પાનાદીઠ રૂ. ૨/–લેખે દસ્તાવેજ રૂ.૨/–લેખે સીવીક સેન્ટર પર ભર્યા બાદ આપવામાં આવશે એવું જણાવેલ છે જે અંગે અરજદારે રસીદ નં. ૪૧૮૪૨૩ તા.૭/૬/૧૧થી નાણાં ભરપાઈ કરતાં અરજદારને પત્ર નં. સા.ઝોન/અકણ/આરટીઆઈ/૩૩૦ તા.૧૦/૬/૧૧થી તે માહિતી પુરી પાડવામાં આવેલ છે અને તે અરજદારે મેળવી સદર પત્રની નકલ ઉપર સ્વીકાર્યાની સહી કરેલ છે આમ જાહેર માહિતી અધિકારીએ ત્રાહિત વ્યકિતની માહિતી સિવાયની

માહિતી અરજદારને આપવામાં આવેલ છે. જે અંગે અરજદારે જાહેર માહિતી અધિકારી તરફથી આપેલ માહિતીમાં જણાવેલ નિર્ણય અસ્પષ્ટ હોવાનું જણાવી તા.૨૧/૬/૧૧નારોજ અપીલ અરજી કરેલ છે. જેમાં અરજદારે એ લોકોએ કોર્ટમાં દાવો કરેલ છે તેવું જણાવી કબજા રસીદ અને દસ્તાવેજની માંગણી કરેલ છે. જે અંગે અત્રેથી અપીલ તબકકે જાહેર માહિતી અધિકારી અને અરજદારને અપીલ તબકકે પાઠવેલ પત્રમાં અરજદાર તરફથી સદર મિલકતના ફોટા એસેસમેન્ટ નકલ પાર્ટીસ્ટેટસ તેમજ ગુમાસ્તા ધારા અંગેનું એ ફોર્મ અને ગુમાસ્તા ધારા લાયસન્સ અંગે ધનસુખભાઈ રોટલીવાળાનું નામ તથા ગુમાસ્તા લાયસન્સમાં તેમની પત્નીનું નામ હોવાનું જણાવેલ છે. તેમજ અરજદારે રજુ કરેલ દિવ્યભાસ્કર તા. ૧૪/૫/૧૦ના દૈનિક પત્રમાં ધનસુખભાઈ રોટલીવાળાના વકીલ જીજી હોટલવાળાએ આપેલ જાહેર નોટીસમાં અરજદાર પાસેથી તે મિલકત તેઓ ખરીદી લેવા માંગતા હોય જો કોઈપણ વ્યકિતના હકકો હોય તો તે રજુ કરવા જણાવતી જાહેર નોટીસ પ્રસિધ્ધ કરેલ છે. આમ જાહેર હિત માટેની ત્રાહિત વ્યકિતએ પ્રસિધ્ધ કરેલ નોટીસ તેમજ અરજદાર અને ત્રાહિત વ્યકિતના માલિક અને ભાડુત તરીકેના પરસ્પરના સંબંધો આરટીઆઈ કાયદાની કલમ–૮ (ચ) હેઠળ વિશ્વનીયતાના સંબંધો હેઠળ પણ અરજદાર પાસે તેવી વિગતો હોવાનું અનુમાનીત છે. તેમ છતાં અરજદારની અરજીના મુદ્દા નં.૧ ની માહિતી "કયા પુરાવાના આધારે નામ પર ચઢયું? " તેની દફતરી વિગત જાહેર માહિતી અધિકારી કક્ષાએથી નકલ સિવાય આપવા યોગ્ય ગણાય. કેમ કે તે વિગત જાહેર સ્ત્રોત હેઠળની ગણી શકાય.

## હુકમ.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા. ૧૬/૫/૧૧ની અરજી થી માંગવામાં આવેલ માહિતી પૈકી આકારણીના પત્રકની નકલ અરજદારને પૂરી પાડેલ જણાય છે. પરંતુ " કયા પુરાવાના આધારે નામ ચઢયું " તેની વિગત કે માહિતી પૂરી પાડેલ નથી. જેથી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી સમય અવધિમાં અરજદારને પૂરી પાડેલ આંશિક વિગતો અને કલમ–૧૧ ની પ્રક્રિયાને અનુલક્ષી કરેલ કાર્યવાહીને ધ્યાને લઈ નકલ સિવાય માત્ર તેટલી દફતરી વિગત કલમ–૭(૩) સાથે નિયમ–૫ હેઠળ લાગુ કિસ્સામાં નિયત ફી ભરપાઈ કરીને પૂરી પાડવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે. જયારે ત્રાહિત પક્ષકારને લગતી દસ્તાવેજી પુરાવાની માહિતી અંગે જાહેર માહિતી અધિકારી તરફથી ત્રાહિત પક્ષકારની રજુઆતને અનુલક્ષી લીધેલ નિર્ણય તેમજ અરજદાર જાહેર હિત રજુ કરવામાં સફળ રહેલ ન હોય તથા અરજદાર અને ત્રાહિત વ્યકિતના વિશ્વનીયતાના સંબંધો ધ્યાને લઈ જાહેર માહિતી અધિકારીએ આરટીઆઈ કાયદાની કલમ–૧૧(૨) હેઠળ લીધેલ નિર્ણય ગ્રાહય રાખી નકલો પૂરતી અરજદારની અપીલ દફતરે કરવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૮–૧૧

પ્રતિ,

(૧)એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(ઉધનાઝોન) ....જાણ તથા અમલ માટે.
(૨) શ્રી મહેશચંદ્ર જેકીશનદાસ મઠાવાલા